પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૨૨, શુક્રવાર; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઘરેલુ એલપીજી સિલિન્ડરમાં રૂ.૩.૫૦નો વધારો

**મોંઘવારીનો માર સહન કરી રહેલી જનતા પર વધુ એક મોંઘવારીની થપાટ : આજથી ૧૯ કિલોવાળા ગેસ સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૨૩૫૪, કોલકાતામાં ૨૪૫૪, મુંબઈમાં ૨૩૦૬ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૫૦૭ રૂપિયા હશે**



નવી દિલ્હી,તા.૧૯

સતત મોંઘવારીનો માર સહન કરી રહેલી જનતા પર વધુ એક મોંઘવારીની થપાટ પડી છે. ગૃહિણીઓના ઘરના બજેટને વધુ ખોરવી નાખે તેવા આ સમાચાર છે. એકવાર ફરીથી રાંધણ ગેસના ભાવમાં વધારો થયો છે. આ ભાવવધારા બાદ હવે ગેસનો ભાવ ૧૦૦૦ રૂપિયાને પાર જતો રહ્યો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩.૫૦ પૈસાનો વધારો થયો છે. આજે ભાવમાં વધારો થતા હવે ગેસ સિલિન્ડરનો ભાવ ૧૦૦૦ને પાર ગયો છે. સમગ્ર દેશમાં હવે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૦૦૦ ઉપર થયો છે. આ સાથે મેટ્રો શહેરોમાં દિલ્હી, મુંબઈમાં ૧૪.૨ કિલો રાંધણ ગેસના બાટલાના ભાવ ૧૦૦૩ રૂપિયા, કોલકાતામાં ૧૦૨૯ રૂપિયા તથા ચેન્નાઈમાં ૧૦૧૮.૫૦ રૂપિયા થઈ ગયો છે. ઘરેલુ એલપીજી ગેસમાં વધારાની સાથે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ ૮ રૂપિયાનો વધારો થયો છે. આજથી ૧૯ કિલોવાળા ગેસ સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૨૩૫૪ રૂપિયા, કોલકાતામાં ૨૪૫૪ રૂપિયા, મુંબઈમાં ૨૩૦૬ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૫૦૭ રૂપિયા હશે.

## સેન્સેક્સમાં ૧૪૦૦, નિફ્ટીમાં ૪૩૧ પોઈન્ટનો મોટો કડાકો

**વૈશ્વિક બજારોમાં ભારે વેચવાલી વચ્ચે શેરબજારમાં કડડભૂસ : રોકાણકારોની સંપત્તિમાં અંદાજે ૭ લાખ કરોડનો સફાયો, એચસીએલ ટેક્નોલોજી, ઇન્ફોસિસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલના શેરમાં ઘટાડો**

મુંબઈ, તા.૧૯

વૈશ્વિક બજારોમાં ભારે વેચવાલી વચ્ચે ગુરુવારે સ્થાનિક બજારો પણ ભારે નુકસાન સાથે બંધ થયા હતા. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૪૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો. વ્યાપક વેચાણના વલણ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી બંને ૨.૬૦ ટકાથી વધુના નુકસાન સાથે સમાપ્ત થયા. સ્થાનિક બજારોમાં વિદેશી રોકાણકારોના સતત પ્રવાહને કારણે બજારના સેન્ટિમેન્ટને પણ અસર થઈ હતી.

૩૦ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૧,૪૧૬.૩૦ પોઈન્ટ અથવા ૨.૬૧ ટકા ઘટીને ૫૨,૭૯૨.૨૩ પર આવી ગયો. દિવસના ટ્રેડિંગ દરમિયાન, તે એક સમયે ૧,૫૩૯.૦૨ પોઈન્ટ ઘટીને ૫૨,૬૬૯.૫૧ પર આવી ગયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૪૩૦.૯૦ પોઈન્ટ અથવા ૨.૬૫ ટકાના ઘટાડા સાથે ૧૫,૮૦૯.૪૦ પર બંધ થયો હતો.

અમેરિકન શેરબજારમાં મોંઘવારીની ચિંતા અને કન્ઝ્યુમર ગુડ્સ કંપનીઓમાં વધી રહેલા ખર્ચના કારણે નબળા પરિણામ જોવા મળ્યા હતા. બ્રિટનમાં ફુગાવો ૪૦ વર્ષની ઊંચી સપાટીએ હતો. અમેરિકામાં ૪.૫ ટકાથી પાંચ ટકા જેટલા ઘટ્યા બાદ ગુરુવારે ભારતીય શેરમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.




શરૂઆતી સત્રમાં ૧૦૦૦ અંકોના કડાકે ખુલેલા સેન્સેક્સમાં દિવસના અંતે ૧૪૧૬ અંકોના કડાકે, ૨.૬ ટકા નીચે ૫૨,૭૯૨ના સ્તરે બંધ આવ્યો છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં પણ ૪૩૨ અંકોના ઘટાડે ૧૫,૮૦૯ના સ્તરે બંધ આવ્યા છે.

## શ્રીલંકામાં અભૂતપૂર્વ આર્થિક સંકટ

**પેટ્રોલ ભરેલું જહાજ દરિયામાં ઊભું છે પણ ચુકવણીના પૈસા નથી : વીજળી મંત્રી કંચના વિજેસેકેરાએ જણાવ્યુ કે શ્રીલંકાના સમુદ્રી ક્ષેત્રમાં પેટ્રોલથી ભરેલું એક જહાજ ઉભુ છે**

કોલંબો,તા.૧૯

ભારતનો પાડોશી દેશ શ્રીલંકા ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. શ્રીલંકાએ બુધવારે કહ્યું કે, તેના સમુદ્રી ક્ષેત્રમાં લગભગ બે મહિનાથી પેટ્રોલ ભરેલા જહાજ ઉભા છે પરંતુ ચુકવણી કરવા તેની પાસે વિદેશી મુદ્રા નથી. પરંતુ સરકારે કહ્યું કે, દેશની પાસે ડીઝલનો પૂરતો ભંડાર છે. ઓનલાઈન પોર્ટલ ન્યૂઝફર્સ્ટ ડોટ એલકેના રિપોર્ટ પ્રમાણે વીજળી મંત્રી કંચના વિજેસેકેરાએ સંસદને જણાવ્યુ કે ૨૮ માર્ચથી શ્રીલંકાના સમુદ્રી ક્ષેત્રમાં પેટ્રોલથી ભરેલું એક જહાજ ઉભુ છે. પરંતુ તેની ચુકવણી કરવા શ્રીલંકાની પાસે ડોલર નથી.

● અનુસંધાન પાન-૭ પર




## જ્ઞાનવપી મસ્જિદ કેસમાં સુનાવણી સ્થગિત કરાઈ

**વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ પર સુપ્રીમમાં સુનાવણી વારાણસી કોર્ટમાં પણ સુનાવણી નહીં થાય**

નવી દિલ્હી, તા.૧૯

વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદ પર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી. કોર્ટે હાલ આ કેસમાં શુક્રવાર સુધી આ સુનાવણી સ્થગિત કરી છે. એમ પણ કહેવામાં આવ્યું કે, ત્યાં સુધી વારાણસી કોર્ટમાં પણ તેના પર સુનાવણી નહીં થશે.

હિન્દુ પક્ષે વકીલ વિષ્ણુ જૈનને સુનાવણી સ્થગિત કરવાની માંગ કરી અને પોતાનો જવાબ દાખલ કરવા માટે કાલ સુધીનો સમય માગ્યો છે. જૈને કહ્યું કે, વરિષ્ઠ વકીલ હરીશંકર જૈનની તબિયત ખરાબ છે. આ વાતને ધ્યાનમાં રાખી આ મામલાને સ્થગિત કરવામાં આવ્યો છે. હિન્દુ પક્ષની આ માંગ પર મુસ્લિમ પક્ષે વિરોધ કર્યો છે. મુસ્લિમ પક્ષે વકીલ હુફૈઝા અહમદીએ કેસને સ્થગિત ન કરવાની માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોની દલીલ સાભળ્યા બાદ કાલ સુધી વારાણસી કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. હવે આ મામલે કાલે સુનાવણી થશે.

આ પહેલા જ્ઞાનવાપી મસ્જિદ પર વારાણસી કોર્ટમાં સર્વે રિપોર્ટ રજૂ કરવામાં આવી ચૂક્યો હતો. આ ઉપરાંત આજે શાહી ઈદગાહ મસ્જિદ મામલે મથુરા કોર્ટમાં સુનાવણી થવાની છે જેના પર અમારી નજર રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટી પરિષદની ભલામણો કેન્દ્ર-રાજ્યોને બાધ્ય નથી : સુપ્રીમ

**આ પ્રકારની ભલામણોને સલાહ-સૂચન તરીકે જોવી જોઈએ**

નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે એક મહત્વના નિર્ણયમાં જણાવ્યું કે, જીએસટી પરિષદની ભલામણો કેન્દ્ર અને રાજ્યો પર બાધ્યકારી નથી. મતલબ કે, જીએસટી કાઉન્સિલ જે પણ ભલામણો કરે છે તેને લાગુ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો બાધ્ય નથી. આ પ્રકારની ભલામણોને ફક્ત સલાહ-સૂચન તરીકે જોવી જોઈએ. તે ફક્ત પ્રેરક મૂલ્ય ધરાવે છે. ટોચની અદાલતે એમ પણ જણાવ્યું કે, સંસદ અને રાજ્ય વિધાનસભાઓ પાસે જીએસટી પર કાયદો ઘડવાનો સમાન અધિકાર છે અને જીએસટી પરિષદ આ મામલે તેમને યોગ્ય સલાહો આપવા માટે છે.

જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે આ અંગે જણાવ્યું કે, ભારત એક સહકારી સંઘવાદ ધરાવતો દેશ છે. તેવામાં પરિષદની ભલામણો માત્ર સલાહ તરીકે જ જોઈ શકાય. તથા રાજ્યો અને કેન્દ્ર સરકાર પાસે એટલો અધિકાર છે કે, તેઓ આ સલાહનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીના અનુસંધાને એમ માની શકાય કે, જીએસટી પરિષદની આગામી બેઠકમાં કેસિનો, હોર્સ રેસ, ઓનલાઈન ગેમિંગ ઉપર ૨૮% જીએસટી અંગે મહત્વનો નિર્ણય લેવાય.

## ટેરર ફંડિંગ કેસમાં યાસિન મલિક દોષી જાહેર

**એનઆઈએ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : સજા અંગેનો નિર્ણય ૨૫ મેના રોજ થશે**

નવી દિલ્હી, તા.૧૯

કાશ્મીરી અલગાવવાદી નેતા યાસીન મલિકને ટેરર ફંડિંગ કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો છે. એનઆઈએ કોર્ટે યાસીન મલિકને દોષિત ગણાવ્યો છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની સ્પેશ્યલ કોર્ટે આ કેસમાં મલિકને દોષિત ઠેરવ્યો છે.

જોકે આ કેસમાં તેને કેટલી સજા થશે તેનો નિર્ણય ૨૫ મેના રોજ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે યાસીન મલિકે પોતે ભૂતકાળમાં કબૂલ્યું હતું કે તે કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો.

આ સિવાય યાસીન કબૂલ્યું હતુ કે તે આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતો અને ગુનાહિત કાવતરા પણ ઘડ્યયાં હતા.

કોર્ટે યાસિન લગાવવામાં આવેલ રાજદ્રોહની કલમ માન્ય રાખી હતી અને યાસીન પર યુએપીએ હેઠળ લાદવામાં આવેલી કલમોને પણ સ્વીકારી હતી. યાસીન કોર્ટને જણાવ્યું કે તે કલમ ૧૬ (આતંકવાદી પ્રવૃત્તિ), ૧૭ (આતંકવાદી પ્રવૃત્તિ માટે ભંડોળ એકત્ર કરવા), ૧૮ (આતંકવાદી કૃત્ય કરવાનું કાવતરું), અને ૨૦ (આતંકવાદી જૂથ અથવા સંગઠનનો સભ્ય હોવા) માટે દોષિત છે.

## આઈએસઆઈના બે જાસૂસની અમૃતસરથી ધરપકડ કરી લેવાઈ

**બંને પર આરોપ છે કે, તેઓ ભારતીય સેના સાથે સબંધિત ગુપ્ત જાણકારીઓ પાકિસ્તાન પહોંચાડી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૯

પાકિસ્તાની સુરક્ષા એજન્સી આઈએસઆઈ અને સરહદ પાર બેઠેલા આતંકવાદી સંગઠનના લીડર ભારતમાં અશાંતિ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એક દિવસ અગાઉ નાગપુર સ્થિત આરએસએસ મુખ્યાલયની રેકી કરનારા આતંકવાદીની ધરપકડ કરવામાં આવી હતી. હવે પંજાબની રાજધાની અમૃતસરથી આઈએસઆઈના બે જાસૂસોની ધરપકડ કરવામાં આવી છે. તે બંને પર આરોપ છે કે, તેઓ ભારતીય સેના સાથે સબંધિત ગુપ્ત જાણકારીઓ પાકિસ્તાન પહોંચાડી રહ્યા હતા. પંજાબ પોલીસે તેમની ધરપકડની પુષ્ટિ કરી છે. આ બંનેની સામે ઓફિશિયલ સીક્રેટ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. કાર્યવાહીની જાણકારી આપતા પંજાબ પોલીસે જણાવ્યું કે, ગુપ્ત જાણકારી મળ્યા બાદ સ્ટેટ સ્પેસિયલ ઓપરેશન સેલ અમૃતસરના અધિકારીઓએ અમૃતસરથી બે જાસૂસોની ધરપકડ કરી હતી. તેમની ઓળખ કોલકાતાના ઝફર રિયાઝ અને બિહારના મોહમ્મદ શમશાદના રૂપમાં થઈ છે. તે બંને પર આરોપ છે કે, તેઓ ભારતીય સેના સાથે સબંધિત માહિતી પાકિસ્તાન પહોંચાડી રહ્યા હતા.

## એઝોવસ્ટલ પ્લાન્ટમાં યુક્રેનના ૧૦૦૦ લડવૈયાઓનું સમર્પણ

**રશિયન સંરક્ષણ મંત્રાલયનો દાવો : મેરીયુપોલમાં લડાઈ સમાપ્ત થઈ ગઈ હોય તેવું લાગે છે**

નવી દિલ્હી, તા.૧૯

રશિયન સંરક્ષણ મંત્રાલયનું કહેવુ છે કે આ અઠવાડિયે અત્યાર સુધીમાં લગભગ ૧૦૦૦ યુક્રેનિયન લડવૈયાઓએ યુદ્ધગસ્ત શહેર મારિયુપોલના એઝોવસ્ટલ પ્લાન્ટમાં આત્મસમર્પણ કર્યું છે. રશિયન સૈનિકોએ ૧૯ એપ્રિલે પ્લાન્ટ પર હુમલો કર્યો હતો અને મોટા ભાગના વિસ્તારોનો નાશ કર્યો હતો. જો કે, રશિયન સૈનિકો હોવા છતાં મોટી સંખ્યામાં યુક્રેનિયન સૈનિકો ઘણા દિવસો સુધી ઉભા રહ્યા હતા.

રશિયાએ બુધવારે દાવો કર્યો હતો કે, લગભગ ૧,૦૦૦ યુક્રેનિયન સૈનિકોએ મારિયુપોલમાં સ્ટીલ પ્લાન્ટમાં આત્મસમર્પણ કર્યું છે.

તે જ સમયે, યુક્રેનિયન સૈનિકોએ આવા સ્થળોની રક્ષા કરવાનું બંધ કર્યું જે દેશના પ્રતિરોધનું પ્રતીક હતું. સાથે જ બંદરીય શહેર મેરીયુપોલમાં લડાઈ સમાપ્ત થઈ ગઈ હોય તેવું લાગે છે.

## ક્વાડ સમિટમાં ભાગ લેવા મોદી ૨૪મીએ જાપાન જશે : જો બાઈડેન સાથે કરશે મુલાકાત

નવી દિલ્હી, તા.૧૯


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૪ મેએ જાપાનના પ્રવાસે જશે. અહીં ચોથા ક્વાડ સંમેલનમાં ભાગ લેવા માટે પીએમ મોદી ટોક્યો જઈ રહ્યા છે. ટોક્યોમાં પીએમ મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિશન અને જાપાનના પીએમ ફુમિઓ કિશિદા સાથે મુલાકાત કરશે. તેમની અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન સાથે દ્વિપક્ષીય વાર્તા પણ થશે. ક્વાડમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાન સભ્ય છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યુ કે, આ હિન્દ પ્રશાંત ક્ષેત્ર અને પરસ્પર હિતના બીજા વિશ્વ મુદ્દા પર ચર્ચા કરવાનો એક સારો અવસર હશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ કે, પીએમ મોદી જાપાની બિઝનેસ લીડર્સની સાથે એક બિઝનેસ ઈવેન્ટમાં પણ ભાગ લેશે. તો જાપાનમાં ભારતીય સમુદાયને પણ મળશે અને તેને સંબોધિત કરશે. પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે પણ દ્વિપક્ષીય વાર્તા કરશે. તો અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન દક્ષિણ કોરિયા અને જાપાનની છ દિવસીય યાત્રા માટે રવાના થઈ ગયા છે. તેમની આ યાત્રાનો ઈરાદો બંને દેશોના નેતાઓ સાથે સંબંધોને મજબૂત કરવાનો છે.

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS
FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
બિઝનેસ
લોન
50* લાખ સુધી
* શરતો લાગુ
વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
63599 00968

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ
(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર તાલુકા પંચાયત)
સ્વ. તા. ૨૦-૫-૨૦૨૧ને ગુરૂવાર

આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને,
સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાવે છે અમને.
કલ્પી ન શકાય તેવી વસમી વિદાય કાળજું કંપાવી દે છે.
સમય વીતતો જશે પરંતુ યાદ તમારી સદાય રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

લી.
પરમીબેન ગોવિંદભાઈ આજરા
ગિરીશભાઈ ગોવિંદભાઈ આજરા
હેતલબેન ગિરીશ આજરા
દેવાંગી ગિરીશ આજરા
જેલીના ગિરીશ આજરા
જીયાના ગિરીશ આજરા
સમસ્ત આજરા પરિવાર
નવી પાણીની ટાંકીની બાજુમાં, ભાટ ગામ, ભરવાડ વાસ, તા. ગાંધીનગર
શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ૯૯૯૮૨૦૩૦૩૦ નંબર પર સંપર્ક કરવો.